રાજયમાં કૌશલ્ય વર્ધનની તાલીમો માટે એકસૂત્રતા,વર્ગીકરણ, કોર્ષની વિગતો ઓનલાઈન ઉપલબ્ધ કરાવવા માટે વેબ પોર્ટલ શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર
શ્રમ અને રોજગાર વિભાગ
ઠરાવ ક્રમાંક:એસડીએમ/૧૫૨૦૧૦/૬૬૦/ર(૨)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૯/૧૨/૨૦૧૦

વંચાણે લીધો:- (૧)શિક્ષણ વિભાગનો તા.૨૭-૨-૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક:એસડીએમ/૧૦/૨૦૦૯/૪૨૪/એસ
(૨)ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મિશનની તા.૩૦-૬-૧૦ ની મીટીંગની કાર્યવાહી નોંધ
(૩) શિક્ષણ વિભાગનો તારીખ:૨૦/૭/૨૦૧૦નો ઠરાવ ક્રમાંક:એસડીએમ/૧૦૨૦૦૯/૨૮૬૧/સ

**આમુખ:**

રાજય સરકારના જુદા જુદા વિભાગો દ્વારા કૌશલ્ય વિકાસ અને રોજગારી પુરી પાડતી યોજનાઓનું અમલીકરણ કરવામાં આવે છે. રાજયમાં ઝડપી ઔદ્યોગિકરણના કારણે નિરંતર બદલાતી જતી ટેકનોલોજીને અનુરૂપ કુશળ માનવબળની તીવ્ર માંગ ઉભી થયેલ છે. રાજયના યુવાધનને બહુવિધ કૌશલ્ય ઉપલબ્ધ કરાવી વૈશ્વિક શ્રમ બજારમાં રોજગારી / સ્વરોજગારી મેળવવા માટે, રાજયમાં જુદા જુદા વિભાગો દ્વારા જુદા નામોથી જુદા સમયગાળાથી અને અલગ અભ્યાસક્રમોથી ચલાવવામાં આવતી તાલીમોને એક છત્ર નીચે લાવવા વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક:૧થી ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મીશનની રચના કરવામાં આવેલ છે. મીશનનો હેતુ રાજયના વિવિધ વિભાગો ધ્વારા કૌશલ્ય અને રોજગારી પુરી પાડતી યોજનાઓનું કૌશલ્ય, વિસ્તાર અને લાભાર્થી સમૂહ મુજબ યોગ્ય વર્ગીકરણ થાય અને એની સંપૂર્ણ આંકડાકીય માહિતી ઉપલબ્ધ બને કે જેના ધ્વારા કૌશલ્ય મેળવેલ પૈકી કેટલી વ્યકિતઓને રોજગારી મળે છે તે જાણી શકાય તે હેતુથી તેમજ ઉદ્યોગોને તેઓની જરૂરીયાત પ્રમાણેના કૌશલ્ય ધરાવતા માનવબળ ઉપલબ્ધ થઈ શકે તે અંગે સરકારના વિવિધ વિભાગો/ખાતા ધ્વારા ઉપાર્જિત કરવામાં આવેલ તાલીમી માનવબળની સંકલિત વિગતોથી ઉદ્યોગ જગત/રોજગાર વાંચ્છુ યુવાધનને માહિતગાર કરાવી શકાય તે માટે વંચાણે લીધેલ ક્રમાંક:૨ની મીટીંગમાં લેવાયેલ નિર્ણય અનુસાર વેબ પોર્ટલ બનાવવાનું નકકી કરવામાં આવેલ છે. તે અનુસાર પુખ્ત વિચારણાના અંતે નીચે જણાવેલ વિગતોનો ઠરાવ કરવામાં આવે છે.

**ઠરાવ:**

આમુખમાં જણાવેલ વિગતોને આધિન અને તે મુજબ કાર્યવાહી કરવા ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મિશનને વેબ પોર્ટલ શરૂ કરવા મંજુરી આપવામાં આવે છે. આ વેબ પોર્ટલનું નામ www.gsdm.in રાખવામાં આવેલ છે.

૧) આ વેબપોર્ટલમાં ઠરાવની તારીખથી એક માસમાં નોંધણી કરાવવા માટે સચિવાલયના સર્વે વહીવટી વિભાગોએ તેઓના તાબા હેઠળની તાલીમ આપતી સરકારી / અર્ધસરકારી/ ખાનગી સંસ્થાઓને સુચના આપવાની રહેશે. આ વેબ પોર્ટલ ઉપર વિના મૂલ્યે નોંધણી થઈ શકશે.

૨) નોંધણી કરાવનાર ખાનગી સંસ્થાઓ માટે લઘુત્તમ બે વર્ષનો અનુભવ હોવો જરૂરી છે.અન્યથા નોંધણી રદ કરવામાં આવશે.

૩) આ તમામ સંસ્થાઓએ તેમના દ્વારા ચલાવાતા કોર્ષની વિગતો, કોર્ષવાઈઝ તાલીમાર્થીઓની નામ સાથેની વિગતો, સમયગાળો, ફી ની વિગતો, એફીલીએશનની વિગતો, વેબ પોર્ટલ ઉપર અપલોડ કરવાની રહેશે. તથા સમયાંતરે ડેટા અપડેટ કરવાનો રહેશે.

૪) સંબધિત સંસ્થાઓએ તેમના ઉમેદવારોને આપેલ પ્લેસમેન્ટની વિગતો વેબ પોર્ટલ ઉપર મુકવાની રહેશે.

૫) આ વેબ પોર્ટલ ઉપર રાજયોનો કોઈ પણ સ્કીલવાચ્છુંક ઉમેદવાર નોંધણી કરાવી શકશે.

૬) વેબ પોર્ટલ ઉપરની માહિતી સરકાર અને લોકોની જાણકારી માટે રહેશે.

૭) વેબપોર્ટલ બનાવવાની અને સંચાલનની કામગીરી GSDM એ કરવાની રહેશે. અને પોર્ટલ અદ્યતન રાખવાનું રહેશે.

૮) જે તે વિભાગ / સંસ્થા / વ્યક્તિ નોંધણી કરશે તેની અપાતી વિગતો માટે , વિભાગ / સંસ્થા / વ્યક્તિની પોતાની જવાબદારી રહેશે. GSDM ના પોર્ટલમાં નોંધણી થવાથી સંસ્થા / વ્યક્તિને રાજ્ય અથવા કેન્દ્ર અથવા રાજ્ય/કેન્દ્ર સરકારની કોઈ એજન્સીની માન્યતા મળી ગઈ છે તેવુ માની શકાશે નહી.

૯) વેબ પોર્ટલ ઉપર ખાનગી સંસ્થા, વ્યક્તિગત નોંધણી કરાવવા માટે GSDM એ જાહેરાતોના ઉપલબ્ધ મીડીયામાં બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

૧૦) વેબ પોર્ટલ ઉપર ઉપલબ્ધ માહિતીનો સંકલિત અહેવાલ દર માસે GSDM એ અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ ને રજુ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એસ.કે.બામણીયા)
નાયબ સચિવ
શ્રમ અને રોજગાર વિભાગ

નકલ રવાના:

૧. અગ્ર સચિવશ્રી, માન.મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય,ગાંધીનગર
૨. અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી , નાણાં શ્રમ અને રોજગારનું કાર્યાલય, ગાંધીનગર
૩. અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી,કૃષિ, સહકાર, પશુપાલન, મત્સ્યોદ્યોગ અને ગૌ સંવર્ધન નું કાર્યાલય
૪. અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી શિક્ષણ ( પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ), ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ ) નું કાર્યાલય.
૫. અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી ( સામાજીક ન્યાય અને અધિકારીતા ( અનુસુચિત જાતિઓનું કલ્યાણ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત ) રમત ગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ )
૬. અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (નાગરિક ઉડ્ડયન, કુટિર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી ( સ્વતંત્ર હવાલો ) ઉદ્યોગ, ખાણ, ખનીજ, આયોજન, નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ ) નું કાર્યાલય.
૬. અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી શ્રમ અને રોજગારનું કાર્યાલય, ગાંધીનગર
૭. નાયબ સચિવશ્રી , મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, ગુજરાત રાજ્ય
૮. સર્વે સભ્યશ્રીઓ ,એક્ઝીક્યુટીવ કમિટિ GSDM
૯. રહસ્ય સચિવશ્રી ,અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય , શ્રમ અને રોજગાર વિભાગ
૧૦. સચિવાલયના સર્વે વિભાગો.
૧૧. ઉદ્યોગ કમિશ્નરશ્રી
૧૨. કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ
૧૩. અધિક કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ
૧૪. નિયામકશ્રી, તાંત્રિક શિક્ષણ
૧૫ નિયામકશ્રી, રોજગાર અને તાલીમ
૧૬. મુખ્ય વહીવટી અધિકારી, ગુજરાત નોલેજ સોસાયટી
૧૭. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન
૧૮. ડાયરેકટર, ગ્રામ ટેકનોલોજી સંસ્થા
૧૯. ડાયરેકટર સી. ઈ. ડી.
૨૦. મીશન ડાયરેકટર, ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મીશન
૨૧. સીલેકટ ફાઈલ
૨૨. નાયબ સેકશન અધિકારીશ્રી સીલેકટ ફાઈલ